EDII

Gujarat Samachar (Plus)

November 21, 2017
Page No.2

# વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ માટે EDII દ્વારા 12 લાખ ફંડ અપાયુ

ઉદ્યોગસાહસિકતાનાં શિક્ષણ, સંશોધન, તાલીમ અને સંસ્થા નિર્માણ માટે પ્રસિદ્ધ રાષ્ટ્રીય સંસાધન સંસ્થા ઈડીઆઈઆઈએ માઈલસ્ટોન આધારતિ લર્નિંગ એક્ટિવિટીનાં વિજેતાઓને ફંડ પ્રદાન કર્યું છે. સંસ્થાએ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ બિઝનેસ આંત્રપ્રિન્યોરશિપ (પીજીડીએમ-બીઈ)નાં વિદ્યાર્થીઓ માટે માઈલસ્ટોન-આધારિત શિક્ષણ પ્રસ્તુત કર્યું છે, જે તેમને કથિત સફળતાઓ હાંસલ કરવા સક્ષમ બનાવશે તેમજ તેમની ઉદ્યોગસાહસિકતાની સફરમાં પ્રથમ પગથિયા તરીકે કામ કરશે. આ અંગે વાત કરતા ઈડીઆઈઆઈનાં ડિરેક્ટર ડો. સુનિલ શુક્લએ કહ્યું કે, સળંગ ત્રીજા વર્ષમાં સંસ્થાએ ૨૦૧૫-૧૭નાં પાંચ વિદ્યાર્થીઓને રૂ. ૧૨.૨૫ લાખ પ્રદાન કર્યા છે. અત્યાર સુધી સંસ્થાએ છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૨ વિદ્યાર્થીઓને રૂ. ૨૭.૨૫ લાખ પ્રદાન કર્યા છે. સંસ્થા વિદ્યાર્થીઓને વન-ટાઈમ ગ્રાન્ટ સ્વરૂપે ફંડ પ્રદાન કરે છે.